# आगमोद्धारकश्री

# આગમોદ્ધારકશ્રી

# AAGAMODDHARAK SHRI



# આચાર્ય શ્રી પૂર્ણચન્દ્રસાગરસૂરિ

ૐ
મા.સુ.૧૫/૭૩
કોબાતીર્થ

ગિરિકન્દરાની ગિરિમાળાઓમાંથી
એક નિર્ઝર નીકળ્યું, ઝરણું બની ખળખળ
વહેવા લાગ્યું, આરોહોના અવરોધો કાપતા
પછી વિશાળ રણ આવ્યું, ઝરણું સ્તંભિત થયું
વિચારોમાં ગરકાવ બન્યું, શે કરી આ રણને પેલેપાર
પહોંચવું??? ને એવે ઉપરથી વાદળી પસાર થઈ રહી હતી,
નભો મંડળના ઝરુખેથી ઝરણાની મૂંઝવણને જાણી લીધી,

વાદળી : 'તું મારામાં આવી જા તને રણ પાર
પહોંચાડી દઈશ' ઝરણાની હૈયામાં આશાનો અરુણોદય થયો,
સમસ્યા સુલઝી ગઈ, મૂંઝવણ મટીને મજા આવી ગઈ.
મારા જીવનમાં આવીજ ઘટના બની, હૃદયના ઓરડેથી
આવવાનું ઝરણું પ્રગટ્યું, કલમના સહારે વહેવા લાગ્યું.
કલમ સ્તંભિત થઈ ગઈ, દરિયા જેટલા વિશાળ જીવન કવનને
કેમ ઉતારીશ??? તેજ સમે અંતઃ સ્ફુરણા પસાર થઈ,
અને મંડળના ઝરુખેથી કલમની મૂંઝવણને જાણી લીધી.

અંતઃસ્ફુરણ : 'દરિયા જેટલું ન લખી શકાય પરંતુ
તેના પરિચયને તો આપી શકાય' બસ; કલમની હૈયામાં
આશાનો અરુણોદય થયો, સમસ્યા સુલઝી ગઈ, મૂંઝવણ મટીને
મજા આવી ગઈ.

બિન્દુમાં સિન્ધુ સમાવવાની બાલિશ ચેષ્ટા કરી રહ્યો છું.
મહાપુરુષના જીવન કવનને કોઈ ન્યાય આપી શકીએ તેમ
અમારે નથી, પરંતુ તેમના જીવનના કેટલાક ગુણો
આંખે ઉડીને આવ્યા, તે ગુણોનો ગુલાલ નાખ્યો છે
તે ગુલાલને ગુંજે ન ભરતાં તેની રંગોળી રચવાનો
નમ્ર પ્રયાસ કર્યો છે.

બસ; તે ગુલાલ સૌના જીવનમાં રંગ ભરી દે
તેવી આશા સહ—

લિ.

પૂર્ણચન્દ્રસાગર સૂરિ

# आगमोद्धारकश्री

# આગમોદ્ધારકશ્રી

# AAGAMODDHARAK SHRI



aagamoddharakshri.com

**લેખક :** પૂ.આચાર્ય અશોક-જિન-હેમચન્દ્રસાગર શિશુ **પૂ. આચાર્યશ્રી પૂર્ણચન્દ્રસાગરસૂરીજી મ.સા.**

**: હીન્દી અનુવાદક :**
સુશ્રાવિકા અ.સૌ. અંજીતા પિન્કેશ જૈન-ઈન્દૌર

**: અંગ્રેજી અનુવાદક :**
કુ. વૈમાની સર્જુભાઈ શાહ-સુરત
સુશ્રાવકશ્રી સ્નેહલ દિનેશભાઈ શાહ (C.A.) - સુરત

**નકલ :** ૧૦૦૦ **આવૃત્તિ :** પ્રથમ વિ.સં. ૨૦૭૭ ઈ.સ. ૨૦૨૧

| : ચિત્રાંકન : | : ફોટોગ્રાફી : | : સ્વર : | : ધ્વનિ મુદ્રણ : | : સંગીત : | : મુદ્રણ : |
|---|---|---|---|---|---|
| નૈનેશ સરૈયા - સુરત | મયંક ઝવેરી | જોની શાહ | ડી ઓક્ટેવ સ્ટુડીયો-સુરત | દર્શન ઝવેરી-સુરત | ડીલક્ષ પ્રિન્ટર્સ-સુરત |

**પ્રકાશક - પ્રાપ્તિ સ્થાન :** આગમોદ્ધારક ફઉન્ડેશન-સુરત, C/o. પિયુષ રમેશભાઈ શાહ
૪૦૯, ત્રિભુવનદેવ એપાર્ટમેન્ટ, જૈનયાત્રિક ભવન સામે, સુરત રક્તદાન કેન્દ્ર પાસે, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧. (ગુજરાત)

**लेखक :** पू. आचार्य अशोक – जिन – हेमचन्द्रसागर शिशु **पू. आचार्य श्री पूर्णचन्द्रसागरसूरीजी म.सा.**

**: हिन्दी अनुवादक :**
सुश्राविका अ.सौ. अंजीता पिन्केश जैन, इन्दौर

**: अंग्रेजी अनुवादक :**
कु. वैमानी सर्जुभाई शाह – सुरत
सुश्रावकश्री स्नेहल दिनेशभाई शाह (C.A.) – सुरत

**प्रत :** १००० **आवृत्ति :** प्रथम वि.सं. २०७७, ईस्वीसन २०२१

| : चित्रांकन : | : फोटोग्राफी : | : स्वर : | : ध्वनि मुद्रण : | : संगीत : | : मुद्रण : |
|---|---|---|---|---|---|
| नैनेश सरैया – सुरत | मयंक झवेरी – सुरत | जोनी शाह | डी ओक्टेव स्टुडियो – सुरत | दर्शन झवेरी – सुरत | डीलक्ष प्रिन्टर्स – सुरत |

**प्रकाशक – प्राप्ति स्थान :** आगमोद्धारक फाउन्डेशन – सुरत, C/o. पियुष रमेशभाई शाह
409, त्रिभुवनदेव एपार्ट., जैन यात्रिक भवनके सामने, सुरत रक्तदान केन्द्रके पास, गोपीपुरा सुरत–३९५००१ (गुजरात)

**Writer :** Pujay Aacharya Ashok - Jin - Hemchandrasagar Shishu **Pujaya Aacharya Shri Purnachandrasagarsuriji M. S.**

**: Hindi Translation :**
Sushravika Shir Anjita Pinkesh Jain, Indoor

**: English Translation :**
Ku. Vaimani Sarjubhai Shah - Surat
Sushravika Shri Snehalbhai Dineshbhai Shah (C.A.) - Surat

**Quantity :** 1000 **Edition :** First, Vikram Sanvat 2077, Ishvisan 2021

| : Painting : | : Photography : | : Voice : | : Recorded at : | : Music : | : Printers : |
|---|---|---|---|---|---|
| Nainesh Sarriya<br>Surat | Mayank Zaveri<br>Surat | Jeny Shah<br>Surat | D > Octave Studio<br>Surat | Darshan Jhaveri<br>Surat | Delux Printers<br>Surat |

**Publisher / Collect Place :** Aagmoddharak Foundation - Surat, C/o. Piyush Rameshbhai Shah
409, Tribhuvandev Appt., Opp. Jain Yatrik Bhavan, Nr. Surat Raktadan Kendra, Gopipura, Surat-395001 (Gujarat)

# જ્ઞાનના મહાસાગર : પૂ. સાગરજી મહારાજ

**- આચાર્ય વિજય મહાબોધિસૂરિ**

આજકાલ બીરલા, ટાટા, અદાણી કે અંબાણી પરિવાર નેઈમ કરતા સરનેઈમ (અટક) થી વધુ ઓળખાય છે. એજ રીતે શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છીય જૈન સંઘમાં સરનેઈમથી ઓળખાતો કોઈ એક સમુદાય હોય તો તે સાગર સમુદાય છે.

આ સમુદાયના પ્રભાવક નાયક એટલે પૂ. સાગરજી મહારાજ.

શ્રમણ ભગવાન મહાવીરના જેમ કુલ ત્રણ નામ હતા તેમ પૂ. સાગરજી મહારાજ પણ ત્રણ નામે વિશ્વમાં વધુ પ્રસિદ્ધ થયા.

**૧. પૂ. સાગરજી મહારાજ**

**૨. પૂ. આનંદસાગર સૂરિ મહારાજ**

**૩. પૂ. સાગરાનંદ સૂરિ મહારાજ**

થોડા વર્ષ પૂર્વે **'નમામિ ગચ્છનાયકમ્'** નામનું એક પુસ્તક લખાયું. આ પુસ્તક લેખનના માધ્યમે પૂ. સાગરજી મહારાજને ખૂબ જ નજીકથી નિહાળવાનો મોકો મળ્યો. મને લાગ્યુ કે - વર્તમાન એકવીશ સમુદાયના આદ્યનાયકોમાં જો કોઈ મહાપુરુષનું પ્રારંભિક જીવન ભારે સંઘર્ષમય વીત્યુ હોય તો તે કદાચ પૂ. સાગરજી મહારાજનું હશે ! અને ચારિત્રજીવન સ્વીકાર્યા પછી પણ કાંઈ ઓછો સંઘર્ષ નથી ખેડયો આ મહાપુરુષે !

પૂજ્યશ્રીની દીક્ષા સોળમાં વર્ષે થઈ અને દીક્ષાના દશ મહિના બાદ - એટલે કે ઉંમરના સત્તરમાં વર્ષે સમર્થ ગુરુનો વિયોગ થયો.

પૂ. સાગરજી મહારાજનું જીવન જોતા એમ લાગે કે આ મહાપુરુષે શૂન્યમાંથી સર્જન કર્યું છે.

૧. ગુરુની ગેરહાજરી હોય અને સાથે કદાચ કોઈ સંઘાટક પણ નહોય એવા સમયે પ્રમાદી કે શિથિલ બની જવાને બદલે એ મહાપુરુષે સંયમ અને સમ્યગ્જ્ઞાનના ક્ષેત્રે જબરદસ્ત પુરુષાર્થ કર્યો. ત્રણ જ વર્ષના પર્યાયમાં પાલી (રાજ.) માં સ્વતંત્ર ચાતુર્માસ કર્યુ અને એ ચાતુર્માસમાં સ્થાનાંગ (ઠાણાંગ) સૂત્રના આધારે પ્રવચનો કર્યા.

૨. પોતાના ગુરુ કાળધર્મ પામ્યા ત્યારે પોતાને એક પણ શિષ્ય ન હતો, પણ એજ સાગરજી મહારાજ પોતે કાળધર્મ પામ્યા ત્યારે પોતાના જ પુરુષાર્થ વડે ઉભી કરેલી શિષ્યસંપદા જે વિરાટ સંખ્યાને આંબી ચૂકી હતી.

૩. જે જમાનામાં આજના કોમ્પ્યુટર યુગ જેવી કોઈ આધુનિકતા (મોબાઈલ, વોટ્સએપ, ઈ-મેઈલ, ઝેરોક્ષ, કુરિયર, કોમ્પ્યુટર, પ્રિન્ટર વગેરે...) ન હોવા છતાં શ્રમણસંઘ આગમો અને પ્રકરણોના અધ્યયન / અધ્યાપનથી વંચિત ન રહે એ માટે લાખો શ્લોક પ્રમાણ પ્રાચીન શાસ્ત્રોનું સંશોધન / સંપાદન કરી જૈન જ્ઞાનભંડારોને સમૃદ્ધ કર્યા.

આ સિવાય પૂજ્યશ્રીની પ્રેરણાથી અનેક જિન મંદિરો, ઉપાશ્રયો અને જ્ઞાનમંદિરોના નિર્માણ થયા હતા. શ્રુતજ્ઞાનના પ્રકાશનાર્થે અનેક સંસ્થાઓની સ્થાપના થઈ હતી. પ્રવચનોના પુસ્તકો તેમજ સિદ્ધચક્ર માસિકનું દર મહિને પ્રકાશન થતું હતું. આગમવાચના તેમજ આગમ મંદિરોની સ્થાપના થઈ હતી. પ્રાચીન તીર્થોની સુરક્ષાર્થે ભારે જહેમત પૂજ્યશ્રીએ ઉઠાવી હતી.

પહાડ જેવી પ્રચંડ પ્રતિભા ધરાવતા પૂજ્યશ્રીનું જીવન સાગર જેટલું વિશાળ છે. પ્રસ્તુત પૂજ્યશ્રીનું જીવન ચરિત્ર - એ તો મહાસાગરના કેટલાક બિંદુઓ તુલ્ય છે. તેમ છતાં સમ્યગ્ વાંચનથી વિમુખ બનતી જતી નવી પેઢીના બાળકો અને યુવાનો માટે પૂજ્યશ્રીનું સચિત્ર ચરિત્ર અવશ્ય ઉપકારક બનશે જ, એમાં કોઈ બેમત નથી. વળી એક જ પુસ્તકમાં ત્રણ ભાષાના અનુવાદ સાથે પ્રકાશન થયું હોવાથી દેશ / વિદેશ સુધી આ ચરિત્રનો સ્વાધ્યાય થશે.

વિ. સં. ૨૦૭૭ના વર્ષે અમે અમદાવાદથી મુંબઈના વિહારમાં હતા. ચૈત્રી ઓળી દરમિયાન અસુરિયા (ભરૂચ પાસે) આવ્યા. અમારા પછી થોડી જ વારમાં પં. શ્રી આગમચન્દ્રસાગરજી પણ પધાર્યા. અમે એક દિવસ સાથે રહ્યા. સવાર / સાંજ નિરાંતે બેઠા. સમ્યગ્જ્ઞાનના ક્ષેત્રે ઘણું બધું આદાન-પ્રદાન થયું.

સહુથી મોટું આશ્ચર્ય અને આનંદ તો ત્યારે થયો જ્યારે તેઓશ્રીએ સચિત્ર સાગરજી મહારાજના પુસ્તકની પ્રસ્તાવના માટે આમંત્રણ આપ્યું. આશ્ચર્ય એટલા માટે - પહેલી જ મુલાકાતમાં એમણે મારા પર વિશ્વાસ મુકી દીધો અને આનંદ એટલા માટે થયો કે મારા પ્રિય સૂરિભગવંત માટે મને કલમ ચલાવવાનો લાભ મળ્યો.

મારી આ પ્રસ્તાવનાથી વાચકને સંતોષ થયો કે નહિ, એની મને ખબર નથી પણ મને સંતોષ નથી થયો... એ હકીકત છે. અસંતોષ એટલા માટે કે પૂજ્યશ્રીની ગીતાર્થતાના ઢગલાબંધ પ્રસંગો છે. જે આપણને પ્રેરણા આપે તેવા છે. સ્થળ મર્યાદાના કારણે એ પ્રસંગોને અહીં આલેખી શકાય તેમ નથી.

અંતમાં, પૂજ્યશ્રીના જીવન ચરિત્રના માધ્યમે સહુ વાચકો રત્નત્રયીની આરાધનામાં ઉજમાળ બને એ જ મંગલકામના.

લિ.

**આચાર્ય મહાબોધિ સૂરિ**

ચૈત્ર વદ બીજ, ગુરુવાર

તા. ૨૯-૪-૨૦૨૧

કીમ, જિ. સુરત

# પૂજ્યશ્રીના જીવન-કવનની પગદંડીઓ...

| | | |
|---|---|---|
| **જન્મ** | : | વિ.સં. ૧૯૩૧ અષાઢ વદ અમાવસ્યા, કપડવંજ |
| **પિતાશ્રી** | : | મગનભાઈ |
| **પિતાશ્રીનુ દીક્ષીત નામ** | : | મુનિ જીવવિજયજી મ. સાહેબ |
| **માતાશ્રી** | : | જમનાબાઈ |
| **સહોદર** | : | વડીલભ્રાતા મણીભાઈ |
| **ભાતૃશ્રીનું દીક્ષીત નામ** | : | મુનિશ્રી મણીવિજયજી મ. સાહેબ |
| **વિવાહ** | : | વિ.સં. ૧૯૪૩ શા. રણછોડદાસ શાંતિદાસની સુપુત્રી માણેકબાઈ |
| **દીક્ષા** | : | વિ.સં. ૧૯૪૭ મહા સુદ-૫ વસંતપંચમી, લીંબડી (વઢવાણ) પુરબાઈ ધર્મશાળા |
| **ગુરૂ** | : | વાદી વિજેતા પૂ. મુનિશ્રી ઝવેરસાગરજી મહારાજા |
| **વડીદીક્ષા** | : | વિ.સં. ૧૯૪૭ જેઠ વદ-૭ લીંબડી, પુરબાઈ ધર્મશાળા |
| **પ્રદાતા** | : | પૂ. પંન્યાસશ્રી હેતવિજયજી મહારાજા |
| **ગુરુવિરહ** | : | વિ.સં. ૧૯૪૮ માગસર સુદ-૧૧ લીંબડી (મૌન એકાદશી) |
| **ગણીપદ** | : | વિ..સં. ૧૯૬૦ જેઠ સુદ-૧૩ અમદાવાદ |
| **પંન્યાસપદ** | : | વિ.સં. ૧૯૬૦ અષાઠ સુદ-૧૦ અમદાવાદ |
| **યોગદ્વહન કરાવનાર તથા પદપ્રદાતા** | : | પૂ. પંન્યાસ શ્રીમદ્ નેમવિજયજી મહારાજા |
| **ઉપાધ્યાયપદ** | : | વિ.સં. ૧૯૭૪ વૈશાખ સુદ-૧૦ સુરત (પ્રાતઃકાળે) |
| **આચાર્યપદ** | : | વિ.સં. ૧૯૭૪ વૈશાખ સુદ-૧૦ સુરત (દ્વિતીય પ્રહર) પંજાબી પૂ. આચાર્યશ્રી કમલસૂરીશ્વરજી મહારાજા (પૂ. શ્રી મૂળચંદજી મ. સા. ના શિષ્ય) |
| **સ્વર્ગવાસ** | : | વિ.સં. ૨૦૦૬ વૈશાખ વદ-૫ સુરત, શેઠશ્રી મંછુભાઈ દીપચંદ જૈન ધર્મશાળા (લીમડાનો ઉપાશ્રય) |
| **અગ્નિસંસ્કાર** | : | વિ.સં. ૨૦૦૬ વૈશાખ વદ-૬ સુરત (શહેરમધ્યે આગમ મંદીર સામે) |

# पूज्यश्री के जीवन उपवन की पगदंडीयाँ

| | | |
|---|---|---|
| **जन्म** | : | वि.सं. १९३१ अषाढ बदी अमावस्या, कपडवंज [ श्रावण वदी 0 ) ) ] |
| **पिताश्री** | : | मगनभाई |
| **पिताश्री का दिक्षित नाम** | : | मुनिश्री जीवविजयजी म. साहेब |
| **माताश्री** | : | जमनाबाई |
| **सहोदर** | : | जयेष्ठ भ्राता मणीभाई |
| **भातृश्री का दिक्षित नाम** | : | मुनिश्री मणीविजयजी म. साहेब |
| **विवाह** | : | वि.सं. १९४३ शा. रणछोडदास शांतिदास की सुपुत्री माणेकबाई |
| **दीक्षा** | : | वि.सं. १९४७ महा सुद-५ बसंतपंचमी - लींबडी ( वढवाण ) पुरबाई धर्मशाला |
| **गुरु** | : | वादी विजेता पू. मुनिश्री झवेरसागरजी महाराजा |
| **बडी दीक्षा** | : | वि.सं. १९४७ जेठ वदी-७ लींबडी पुरबाई धर्मशाला |
| **प्रदाता** | : | पू. पंन्यास श्री हेतविजयजी महाराजा |
| **गुरु विरह** | : | वि.सं. १९४७ मागशर सुदी-११ लींबडी ( मौन एकादशी ) |
| **गणीपद** | : | वि.सं. १९६० जेठ सुदी-१३ अहमदाबाद |
| **पंन्यास पद** | : | वि.सं. १९६० अषाढ सुदी-१० अहमदाबाद |
| **योगद्वहन करवानेवाले तथा पद प्रदान करने वाले** | : | पू. पंन्यास श्रीमद् नेमविजयजी महाराजा |
| **उपाध्याय पद** | : | वि.सं. १९७४ वैशाख सुद-१० सुरत ( प्रात:कालमें ) |
| **आचार्य पद** | : | वि.सं. १९७४ वैशाख सुद-१० सुरत ( द्वितीय प्रहरमें ) पंजाबी पू. आचार्य कमलसूरीश्वरजी महाराजा ( पू. मूलचंदजी म. के शिष्य ) |
| **स्वर्गवास** | : | वि.सं. २००६ वैशाख वदी-५-सुरत शेठश्री मंछुभाई दीपचंद जैन धर्मशाला ( लींमडा नो उपाश्रय ) |
| **अग्नि संस्कार** | : | वि.सं. २००६ वैशाख वदी-६-सुरत ( शहर के मध्य में आगम मंदिर के सामने ) |

# A PANORAMA OF PUJYASHRI'S LIFE

| | | |
|---|---|---|
| **Birth** | : | Ashaadh Vad Amavas, 1931 V.S. (1875 C.E.). |
| **Place** | : | Kapadvanj |
| **Father** | : | Maganbhai |
| **Father's Priesthood Name** | : | Munishri JeevVijayji Maharaj Saheb |
| **Mother** | : | Jamnabai |
| **Siblings** | : | Manibhai (elder brother) |
| **Brother's Priesthood Name** | : | Munishri ManiVijayji Maharaj Saheb |
| **Marriage** | : | 1943 V.S. (1887 C.E.) |
| **Spouse** | : | Manekbai, daughter of Ranchhoddas Shantidas |
| **Diksha (Initiation Ceremony)** | : | Maha Sud Paacham, 1947 V.S. (1890 C.E.) |
| **Place** | : | Purbai Dharamshala in Limbdi (Wadhwan) |
| **Guru** | : | Pujyashri Zaversagar Shriji Maharaja |
| **Vadi Diksha** | : | Jeth Vad Saatam, 1947 V.S. (1891 C.E.) |
| **Place** | : | Purbai Dharamshala in Limbdi (Wadhwan) |
| **Pradata (Given by)** | | Pujya Panyaasshri Hetavijayji Maharaja |
| **Guruvirah*** | : | Maun Ekadashi, Maagshar Sud Agyaras 1948 V.S. (1891 C.E.) |
| **Place** | : | Limbdi |
| **Ganipad** | : | Jeth Sud Teras, 1960 V.S. (1904 C.E.) Place: Ahmedabad |
| **Panyaaspad** | : | Ashaadh Sud Dasam, 1960 V.S. (1904 C.E.) Place: Ahmedabad |
| **Upadhyayapad** | : | Vaishakh Sud Dasam, 1974 V.S. (1918 C.E.) Place: Surat (Time: Early Morning) |
| **Acharyapad** | : | Vaishakh Sud Dasam, 1974 V.S. (1918 C.E.) Place: Surat (Time: Morning) |
| **End of His Remarkable Journey** | : | Vaishakh Vad Paacham, 2006 V.S. (1948 C.E.) Place : Surat, Sheth Shree Manchubhai Dipchand Jain Dharmashala Limada's Upashray |
| **Agnisanskar** | : | Vaishakh Vad Chhath, 2006 V.S. (1948 C.E.) Place - Surat (Middle of City, Opp. Aagam Mandir) |

*V.S.: Vikram Samwat (The Vikram Samvat is a calendar system that is used by the Hindu and Sikh community in several parts of the Indian subcontinent. It is based on the solar sidereal years and lunar months.)*

*Agnisanskar: Cremation Rights*

## ગુજરાતી પ્રવચનો

વિ.સં. ૧૯૮૮ થી ૨003 સુધી અનુયોગદ્વાર - અષ્ટક પ્રકરણ - ધર્મબિન્દુ પ્રકરણ - પંચાશકજી - ભગવતીજી - યોગશાસ્ત્ર - શ્રી ચન્દ્રકેવલી ચરિત્ર - વિંશતિ સ્થાન પ્રકરણ - શાસ્ત્રવાર્તા સમુચ્ચય - શાંતિનાથ ચરિત્ર - ષોડશક પ્રકરણ - સંબોધ સપ્તતિ - સિરિસિરિવાલકહા - સ્થૂલભદ્ર ચરિત્ર - ધર્મરત્ન પ્રકરણ ગ્રન્થો તથા અન્ય વિષય આધારિત પ્રવચનોનું ૭000 ફુલસ્કેપ પેજ પ્રમાણ સાહિત્ય ગુજરાતી ભાષામાં પ્રાપ્ય છે.

## गुजराती प्रवचन

वि.सं. १९८८ से २००३ तक अनुयोगद्वार–अष्टक प्रकरण–धर्म बिंदु प्रकरण–पंचाशकजी–भगवतीजी–योगशास्त्र–श्री चन्द्रकेवली चरित्र–विंशति स्थानक प्रकरण – शास्त्रवार्ता समुच्चय – शांतिनाथ चरित्र–षोडशक प्रकरण–संबोध सप्तति–सिरिसिरिवालकहा–स्थूलभद्र चरित्र–धर्मरत्न प्रकरण ग्रंथ तथा अन्य विषय पर आधारित प्रवचनो का ७००० फूल स्केप पेज प्रमाण साहित्य गुजराती भाषा में उपलब्ध है ।

## Gujarati Pravachan (Sermons in Gujarati)

A full seven thousand pages worth content on sermons delivered on several themes and subjects as follows are available at present : V. S. 1988 to 2003

Anuyoga Dwar - Ashtha Prakaran - Dharmabindu Prakaran - Panchaashakji - Bhagwatiji - Yoga Shastra - Shri Chandra Kevali Charitra - Vishanti Sthaan Prakaran - Shastra Varta Samucchay - Shantinath Charitra - Shodashak Prakaran - Sambodh Saptati - Sirisirivaalkaha - Sthulbhadra Charitra - Dharmaratna Prakaran

## જ્ઞાનપરબો - ૨૭

અજીમગંજ (બંગાળ) - અમદાવાદ (નાગજી ભૂદરની પોળ-શાહપૂર) ઉજ્જૈન (માલવા) - ઉદયપુર (મેવાડ) - ખંભાત - ગોધરા - ચાણસ્મા - છાણી - જામનગર - ઝગડીયા - ઝીઝુડીયા - ડુંગરપુર - પરાસલીતીર્થ - પાટણ - પાલીતાણા - બારડોલી - બૌધાન - મુંબઈ - રતલામ - રાજકોટ - રાણપુર - રાધનપુર - લુણાવાડા - વઢવાણ - સાંલડી - સુરત (હરીપુરા-ગોપીપુરા)

## ज्ञानपरब - २७

अजीमगंज (बंगाल) – अहमदाबाद (नागजी भुदरजी पोल–शाहपुर) उज्जैन (मालवा)–उदयपुर (मेवाड)–खंभात –गोधरा–चाणस्मा–छाणी–जमनगर–झगडीया–झीझुडीया–डुंगरपुर–परासलीतीर्थ–पाटण–पालीताणा–बारडोली–बौधान–मुंबई–रतलाम–राजकोट–राणपुर–राधनपुर–लुणावाडा–वढवाण–सांलडी–सुरत (हरीपुरा एवं गोपीपुरा)

## Gyaan Parab (Library projects initiated by Pujyashri) – 27

Azeemganj (Bengal) - Ahmedabad (Naagji Bhudar ni Pol- Shahpur) - Ujjain (Malwa) - Udaipur (Mewaad) - Khambhat - Godhra - Chanasma - Chhani - Jamnagar - Jhagadiya - Jhijudiya - Dungarpur - Parasalitirth - Patan - Palitana - Bardoli - Baudhaan - Mumbai - Ratlam - Rajkot - Raanpur - Radhanpur - Lunawada - Wadhwan - Saldi - Surat (Haripura) & Gopipura

## શ્રુતજ્ઞાન પ્રકાશન કરતી પૂજ્યશ્રી પ્રેરીત સંસ્થાઓ

વિ.સં.૧૯૬૪ થી ૧૯૮૮ સુધીમાં સ્થાપિત સંસ્થા.

શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડ - સુરત, શ્રી જૈનાનંદ પુસ્તકાલય-સુરત, શ્રી આગમોદ્ય સમિતી-ભોંયણી, શ્રી ઋષભદેવ કેશરીમલજી પેઢી-રતલામ, શ્રી હિંદી જૈન સાહિત્ય પ્રચારક ફંડ - અજીમગંજ, શ્રી જૈનામૃત સમિતી - ઉદયપુર, શ્રી નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધારક ફંડ-સુરત, શ્રી સિધ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતી-મુંબઈ, હિન્દી સાહિત્ય પ્રકાશન - કલકત્તા, જૈન પુસ્તક પ્રચારક સંસ્થા-સુરત

## श्रुतज्ञान प्रकाशन करनेवाली पूज्यश्री प्रेरित संस्थाए

वि.सं. १९६४ से १९८८ तक में स्थापित संस्था

शेठ देवचंद लालभाई जैन पुस्तकोध्धारक फंड–सुरत, श्री जैनानंद पुस्तकालय–सुरत, श्री आगमोद्य समिती–भोंयणी, श्री ऋषभदेव केशरीमलजी पेढी–रतलाम, श्री हिंदी जैन साहित्य प्रचारक फंड–अजीमगंज, श्री जैनामृत समिती–उदयपुर, श्री नगीनभाई मंछुभाई जैन साहित्योद्धारक फंड–सुरत, श्री सिध्धचक्र साहित्य प्रचारक समिती–मुंबई, हिन्दी साहित्य प्रकाशन–कलकत्ता, जैन पुस्तक प्रचारक संस्था–सुरत

## Institutions devoted to Pujyashri's Vision

Various Publication firms, libraries and other institutions were founded, inspired by Pujyashri's vision from the year 1964 V.S. to 1988 V.S.

- Sheth Devchand Lalbhai Jain Pustakodharak Fund, Surat
- Shri Jainanand Pustakalaya, Surat
- Shri Aagamodya Samiti, Bhoyni
- Shri Rushabhdev Kesarimalji Pedhi, Ratlam
- Shri Hindi Jain Sahitya Pracharak Fund, Azeemganj
- Shri Jainamrut Samiti, Udaipur
- Shri Naginbhai Manchhubhai Jain Sahityodharak fund - Surat
- Shri Siddhachakra Sahitya Pracharak Samiti, Mumbai
- Hindi Sahitya Prakashan, Kolkatta
- Jain Pustak Pracharak Sanstha, Surat

## જિનાલય-ઉપાશ્રયની પૂજ્યશ્રીએ પ્રેરણા કરી, સર્જકોએ શાસન સેવા સંસ્થા સ્થાપી

•જૈન તપગચ્છ ઉપાશ્રય - ગુજરાતી ધર્મશાળા - ગુજરાતી દેરાસર - રતલામ
•જૈન તપગચ્છ ઉપાશ્રય - શ્રી વિનયમણી જીવન જ્ઞાનમંદિર - કલકત્તા
•શ્રી દેવબાગ-લક્ષ્મી આશ્રમ ઉપાશ્રય-જ્ઞાનભંડાર-આયંબિલ ભવન - ભોજન શાળા - જૈન વિદ્યાર્થી ગૃહ જામનગર
•જૈન તત્ત્વબોધ પાઠશાળા-સુરત , રાજનગર જૈન ધાર્મિક શિક્ષણ સંસ્થા-અમદાવાદ
•શીલોત્કીર્ણ આગમ મંદિર-પાલીતાણા , તામ્રપત્ર આગમ મંદિર-સુરત
•શ્રી સિદ્ધચક્ર ગણધર મંદિર-પાલીતાણા , સ્વાધ્યાય મંદિર-પાલીતાણા
•શ્રી તારંગાજી તીર્થમાં દેવકુલીકામાં પ્રતિષ્ઠા

## जिनालय-उपाश्रय की प्रेरणा करने पर, सर्जको ने शासन सेवा संस्थाकी स्थापनाकी

•जैन तपगच्छ उपाश्रय–गुजराती धर्मशाला–गुजराती देरासर–रतलाम.
•जैन तपगच्छ उपाश्रय–श्री विनयमणी जीवन ज्ञान मंदिर–कलकत्ता.
•श्री देवबाग लक्ष्मी आश्रम उपाश्रय–ज्ञानमन्दिर–आयंबिल भवन, भोजन शाला–जामनगर.
•जैन तत्वबोध पाठशाला–सुरत, राजनगर जैन धार्मिक शिक्षण संस्था–अहमदाबाद
•शीलोत्कीर्ण आगम मंदिर–पालीताणा. ताम्रपत्र आगम मंदिर – सुरत
•श्री सिद्धचक्र गणधर मंदिर – पालीताणा, स्वाध्याय मंदिर – पालीताणा
•श्री तारंगाजी तीर्थ में देवकुलीका में प्रतिष्ठा

## Development of Jinalayas and Upashrayas

A notable influence of Pujyashri's inspiration can be seen in the establishment of Jinalayas and Upashrayas across India.

- Jain Tapagachha Upashraya, Gujarati Dharmashala, Derasar - Ratlam
- Jain Tapagachha Upashraya – Shri Vinaymani Jeevan Gyanmandir – Kolkatta
- Shri Devbaug Laxmiashram Upashraya. Gyanbhandar, Ayambilbhavan, Bhojanshala - Jain Vidhyarathi Gruh - Jamnagar
- Jain Tatvabodh Pathshala – Surat, -Rajnagar Jain Dharmik Sikshan sanstha – A'bad
- Shilotkirna Aagammandir – Palitana, Tamrapatra Aagammandir – Surat
- Gandhar mandir – Palitana, Swadhyay mandir - Palitana
- Shri Tarangaji  Tirth Devkulika Maa Pratishtha

## ઉપધાન તપ

વિ.સં.૧૯૬૫ થી ૧૯૯૮ સુધીમાં યેવલા - સુરત (૩) - પાલીતાણા (૬) - રતલામ (૨) - સાદડી-મુંબઈ આદિ ક્ષેત્રોમાં હજારો શ્રાવક શ્રાવિકાઓએ ઉપધાન તપની આરાધના ઉપાસના કરી.

## उपधान तप

वि.सं. १९६५ से १९९८ तक में येवला–सुरत (३)–पालीताणा (६)–रतलाम (२)–सादडी–मुंबई आदि क्षेत्रो में हजारो श्रावक श्राविकाओं उपधान तप की आराधना उपासना में जुड़े

## Updhaan Tapa

Thousands of pious Shravakas and Shravikas observed the Updhaan Tapa organized under the dedicated guidance of Pujyashri between the years 1965 V.S. and 1998 V.S.

Yevla Surat (3) Palitana (6) Ratlam (2) Sadadi Mumbai

## પૂજ્યશ્રી પ્રેરિત શાસન પ્રભાવક - પ્રતિકારક સંસ્થાઓ

- દેશવિરતિ ધર્મ આરાધક સમાજ
- શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળા સ્થાયી નિભાવ ફંડ
- શ્રી નવપદ આરાધક સમાજ
- ધી યંગમેન જૈન સોસાયટી
- જૈન પ્રાચિન સાહિત્ય પ્રદર્શન

## पूज्यश्री प्रेरीत शासन प्रभावक-प्रतिकारक संस्थाएँ

- देशविरति धर्म आराधक समाज
- श्री रत्नसागरजी जैन विद्याशाला स्थायी निभाव फंड
- श्री नवपद आराधक समाज
- धी यंगमेन जैन सोसायटी
- जैन प्राचिन साहित्य प्रदर्शन

## Jain Organizations working in the direction of Pujyashri's Principles

- Deshvirati Dharma Adharak Samaj
- Shri Ratnasagarji Jain Vidyashala Sthayi Nibhav Fund
- Navpad Aradhak Samaj
- The Youngman Jain Society
- Jain Pracheen Sahitya Pradarshan

पुत्र के लक्षण पारणे में

CHARISMA IN A CRADLE

# પુત્રના લક્ષણ પારણે



કાચ-સાબુ કાપડના વેપારનું મથક એટલે કર્પટ વાણિજય નગર-કપડવંજનગર, ગુજરાતનું ઔદ્યોગિક મથક, મગનભાઈ જમનાબેનનું શ્રાવકગુણ સંપન્ન આદર્શ જીવન

૧. દ્વિતીય પ્રસૂતીના સમયે વૃષભ સ્વપ્નનું દર્શન.

૨. નવમાસ સુધી ગર્ભ સંસ્કરણના હેતુથી અનેક રાસ-ચરિત્ર-ધર્મકથાનું શ્રવણ કરાવતાં મગનભાઈ, વિ.સં. ૧૯૩૧ અષાઢ વદ અમાસની રાત્રીએ હેમચન્દ્રનો જન્મ થયો. પુત્ર પ્રસવની ખુશાલીમાં અનેક વધામણીઓ.

૩. પારિવારિક જયોતીષ શ્રી શુકલાજી તથા કાશીના પંડીત હેમચન્દ્રની જન્મ કુંડળીને જોઈ હરખિત થઈ રહ્યા છે. અમાસના જન્મેલ બાળક પુણ્યશાળી-પ્રભાવક પરમ સૌભાગ્યશાળી હોય છે.

काच-साबुन-कपडे के व्यापार का केन्द्र याने कर्पट वाणिज्य-कपडवंज नगर, गुजरात का औद्योगिक केन्द्र, मगनभाई-जमनाबेन का श्रावक गुण संपन्न आदर्श जीवन।

१. द्वितिय प्रसूती के समय वृषभ स्वप्न का दर्शन।

२. नवमाह तक गर्भ संस्करण के लिये अनेक रास-चरित्र-धर्मकथा का श्रवण करवाते मगनभाई, वि.सं. १९३१ अषाढ वदी अमावस्या की रात्री में हेमचन्द्र का जन्म हुआ, पुत्र जन्म की खुशीमें अनेक बधाईयाँ।

३. पारिवारिक ज्योतिष श्री शुकलाजी एवं काशी के पंडित हेमचन्द्र की जन्म कुंडली को देखकर हर्षित हो रहे है, अमावस्या के दिन जन्मा हुआ बालक अत्यंत पुण्यशाली प्रभावक एवं परम सौभाग्यशाली होता है।

There was a time when Kapdvanj was a commercial capital of Gujarat, widely known for the trade of glass, soaps and textiles. A glance into the ideal Shravak life of Maganbhai and Jamnabai

1 Rushab Dream Darashan at the time of Second Delivery.

2 Maganbhai reciting Raas, religious stories and sketches for nine long months to Jamnabai, a mother-to-be.

3 And on one blessed night, on Ashadh Vad Amaas 1931 V.S., Hemchandra was born to them.

Birth of a son was welcome with celebrations and festivals A Pandit of Kashi & Shuklaji an Astrologer known to the family, studied Hemchandra's horoscope and declared, “One who is born on this new moon night shall be virtuous, immensely inspirational and will have boundless fortune.”

जननी जने तो भक्तजन,
का दाता, का शूर...!!!

**BLESS THOU MOTHER WHO BEARS IN HER WOMB A DEVOTEE, A BRAVE WARRIOR AND A PHILANTHROPIST!**

# જનની જણે તો ભક્તજન, કાં દાતા, કાં શૂર.!!!



હેમચન્દ્રને પાંચ વર્ષની ઉંમરે કપડવંજની સરસ્વતી વિદ્યાલયમાં ભણવા મોકલ્યા.

૧. રજાઓના દિવસે માતૃ-પિતૃભક્ત હેમચન્દ્ર પિતાની દુકાને જતો, દુ:ખીના દુ:ખ જોતાં હૃદય દ્રવી ઉઠે, પરોપકારી સ્વભાવથી દુકાને બેઠા દીન દુ:ખીઓને દાન આપે છે.

૨. સમવયસ્ક બાળકો સાથે ગિલ્લી દંડાની રમત રમતાં નગરપાલિકાએ રાત્રીના પ્રકાશ અર્થે મૂકેલ ફાનસ અન્ય બાળકથી ફૂટી ગયું, અચાનક જમાદારનું ત્યાંથી પસાર થવાનું થયું, અન્ય બાળકો નાસી છૂટયા, નિર્ભીક હેમચન્દ્ર ત્યાંજ ઉભો રહ્યો, જમાદારે કડક અવાજે કહ્યું આ ફાનસ કોને ફોડયું? કાચ ઉઠાવ!!! નિર્ભીકતાથી જવાબ આપ્યો, ફાનસ મે ફોડયું નથી તેથી હું કાચ ઉઠાવીશ નહી, જમાદાર સાહસિકતા જોઈ અચંબિત થઈ ગયા.

૩. વડીલબન્ધુ મણીલાલ તથા હેમચન્દ્ર પિતાજી સાથે પ્રતિદિન સામાયિક સ્વાધ્યાય આદિ કરે છે. હીતશિક્ષા મેળવે છે.

૪. ગળે ગુમડું થયું તોય દર્દનો સીસકારો નહી, માઁનો હાથ લાગતાં ફૂટી ગયું તોય પ્રસન્ન વદન.

हेमचन्द्र को पाँच वर्ष की उम्र में कपडवंज के सरस्वती विद्यालय में अध्ययन के लिये भेजा

१. अवकाश के दिनों में मातृ पितृ भक्त हेमचन्द्र पिताश्री की मदद के लिये दुकान जाते है और दुःखीयों के दुःख को देखकर हृदय द्रवीत हो उठे ऐसे परोपकारी स्वभाव से दुकान पर बेठे हुए दीन-दुःखीओं को दान देते है।

२. समउम्र के बालकों के साथ गिल्ली डंडा खेलते समय नगर पालिका के द्वारा रात्रीमें प्रकाश के लिये लगाया हुआ लालटेन किसी अन्य बालक से फूट गया, अचानक ही दरोगा का वहाँ से निकलना हुआ, अन्य बालक भाग गये, नीडर हेमचन्द्र वहाँ पर ही खडा रहा । दरोगा ने कडक अवाज में कहा यह लालटेन किसने फोडा ? काँच उठाओ !!! निडरता से उत्तर दिया ''लालटेन मैने नही फोडा, ईसलीये में काँच नहीं उठाऊंगा'', दरोगा साहस देखकर अचंभित हो गया ।

३. ज्येष्ठ भ्राता मणीलाल तथा हेमचन्द्र पिताजी के साथ प्रतिदिन सामायिक, स्वाध्याय आदि करते हे, हीतशिक्षा प्राप्त करते है।

४. गले मे गठान हुई तो भी दर्द का अहेसास नही, माँ का हाथ लगने पर गठान फूट गई, तो भी प्रसन्न चित्त रहे, दुःख का नामो निशान भी नही।

At the age of five Hemhandra was admitted to a local school, Saraswati Vidyalaya.

1 During the holidays Hemchandra, a devoted son, used to lend a helping hand in his father's shop. A sincere philanthropist since childhood, he gave away goods in charity to the poor and the wretched.

2 Once while playing in the streets with other boys of neighbourhood, someone managed to break a streetlamp. Noticing that it was broken, all the boys, except Hemchandra, fled the scene. A Jamadar happened to pass by and spot the damage. As a way of punishment, he asked Hemchandra to pick up the pieces. Hemchandra stood his ground and humbly replied, “I have not broken the lamp and therefore I shall not pick up the pieces.”Jamadar was at once astounded with the little boy's courage.

3 Hemchandra regularly joined his elder brother and father for Samayik and Swadhyaya (religious studies)

4 His mother accidently burst a painful boil that grew on his neck. He was in utter agony but he maintained his cool and his content face and didn't show the slightest sign of pain.

# वैराग्य की राह पर...

# ON THE PATH OF ABSTINENCE...

# વૈરાગ્યની વાટે



૧. પિતાશ્રીએ લઘુવયે જ સિદ્ધાચલજી પ્રતિ અહોભાવ પ્રગટાવ્યો હતો, અવાર-નવાર સિદ્ધાચલની યાત્રાએ સાથે લઈને આવતા, મહીમા સમજાવતા.

૨. સ્થાવર તીર્થની યાત્રા પછી જંગમતીર્થની યાત્રારૂપે તલેટીએ ગુરુમહારાજ પાસે વૈરાગ્યરસભર વાણી શ્રવણ કરાવી. મુનિશ્રી ઝવેરસાગરજી મ.સા. સાથે પત્રવ્યવહાર દ્વારા અનેક હીત શિક્ષાઓ મેળવતાં હતાં, સ્વગત ભાવોને પ્રદર્શિત કરતાં સંસારની અસારતા પિતાશ્રીને જણાવી.

૩. પિતાશ્રીની સંમતી હતી, કીન્તુ માતુશ્રીનો મોહ લગ્ન કરાવવાના અનેક પ્રયાસો કરી રહ્યો છે.

૪. સ્વજનોનું પીઠબળ પ્રાપ્ત થતાં ચૌદ વર્ષની ઉંમરે હેમચન્દ્રના માણેકબાઇ સાથે બાળવિવાહ થયા

१. बालवय में ही सिद्धाचलजी के प्रति अहोभाव प्रगटाया था, बार–बार सिद्धाचल की यात्रा के लिये पिताश्री साथ में लेकर आते थे, महीमा समझाते थे ।

२. स्थावर तीर्थ की यात्रा पश्चात जंगम तीर्थ की यात्रा स्वरुप तलेटी पर गुरु महाराज के पास वैराग्यरसभर वाणी श्रवण करवाई, मुनिश्री झवेरसागरजी म.सा. के साथ पत्र व्यवहार द्वारा अनेक हीतशिक्षाएँ प्राप्त करते थे, स्वयं के मनोगत भावों को प्रदर्शित करते हुए संसार की असारता पिताजी को बतलाई।

३. पिताश्री की संमति थी, किंतु माताश्री का मोह विवाह करवाने के अनेक प्रयास कर रहे है ।

४. स्वजनो के दबाव के कारण चौदह वर्ष की उम्र में हेमचन्द्र का माणेकबाई के साथ बाल विवाह संपन्न हुआ ।

1 Since childhood he greatly revered Siddhachalji. Every now and then he took a pilgrimage there with his father.

2 Hemchandra gradually developed a deep-seated interest in Gurumaharaja's sermons and teachings, following which he wrote as well as received letters from Munishri Zaversagarji M.S. His spiritual education was shaped by and by as he made his father realize the meaninglessness of worldly life.

3 His father conceded to his decision of renouncing the world as a Sadhu, but his mother wanted him to be married instead.

4 Eventually, Hemchandra married Manekbai at the age of fourteen

*M.S. – Maharaj Saheb

## मन मेरा जुडा संयम के रंग में

## I LEAN INTO YOUR DIVINE LOVE, O LORD!

# મારું મન લાગ્યું સંયમમાં.



૧. વડીલ બન્ધુ મણીલાલના પત્ની ભરયૌવનવયે સ્વર્ગગામી થયા, તે દિનથી મણીલાલને પિતાશ્રી દ્વારા મળેલો વૈરાગ્ય વધુ ઉદ્દિપ્ત બન્યો, રાત્રે કલાકો સુધી પુત્રો સંયમ અંગીકાર કરવા સંસાર કારાવાસમાંથી છૂટવા પિતાશ્રી સાથે ચર્ચાઓ કરતાં.

૨. મણીલાલની તબિયત સારી ન હોવાથી ચિકિત્સાના બ્હાના હેઠળ બંને બાળકોને અમદાવાદ દાદીના ઘરે જવા રવાના કર્યા.

૩. બંને બન્ધુઓ પિતાશ્રી સાથેની ચર્ચા-સંકેત પ્રમાણે પૂ. નીતીવિજયજી મ. (પૂ. મૂળચંદજી મ.ના શિષ્ય) પાસે આવ્યા, પૂજયશ્રીએ કર્મ-ભવિતવ્યતાના યોગે હેમચન્દ્રને દીક્ષા આપવા ના પાડી.

૪. મણીલાલની દીક્ષા રાજનગરમાં થઈ ગઈ, મુનિ મણીવિજયજી મ.સા. તરીકે ઘોષિત થયા.

१. ज्येष्ठ भ्राता मणीलाल की पत्नि भर योवनवय में स्वर्गवासी हुई, उस दिन से मणीलाल को पिताश्री द्वारा प्राप्त हुआ वैराग्य और मजबुत बना, रात्री में घंटो तक दोनों पुत्र संयम अंगीकार करने तथा संसार कारावास मे से छूटने के लिए पिताश्री के साथ वार्तालाप करते थे ।

२. मणीलाल का स्वास्थ्य ठीक न होने के कारण चिकित्सा के बहाने दोनों पुत्रो को अहमदाबाद दादी के घर भेजा ।

३. दोनो बन्धु पिताश्री के साथ की चर्चा संकेत अनुसार पू. नीती विजयजी म. (पू.मूलचन्दजी म.सा. के शिष्य) के पास आये. पूज्यश्री ने कर्म भवितव्यता के योग से हेमचन्द्र को दीक्षा प्रदान करने से इन्कार कर दिया ।

४. मणीलाल की दीक्षा राजनगर में हो गई ।मुनि मणीविजयजी म.सा. नाम दिया गया ।

1 Hemchandra's elder brother Manilal lost his wife to death at an early age. This event sparked a sense of uselessness of worldly life in him. Subsequently, both the sons stayed up late nights to discuss their renunciation with their father. They were determined to break free from the worldly prison and ascend the stairway to salvation.

2 Both the brothers set out to Ahmedabad at their grand mother's house with an excuse to see a doctor owing to Manilal's poor health.

3 As per discussion with father Here they met with Pujyashri Nitivijayji M.S. (then a disciple to Pujyashri Mulchandji M.S.) However, Hemchandra was denied priesthood initially

4 Manilal was bestowed with priesthood and his Diksha (Initiation Ceremony) was effectuated in Rajnagar. (Ahmedabad) and new name was declared as Pujyashri Mani Vijayji M.S.

## मन संसार से विरक्ति की ओर

## AND I DRIFT AWAY...AWAY FROM THIS WORLDLY ROADS

# મને સંસાર શેરી વિસરી રે



હેમચન્દ્ર વડીલબંધુની દીક્ષા બાદ સતત સંસાર કારાગૃહમાંથી નીકળવા મનોમંથન કરી રહ્યા છે.

૧. માણેકબાઈ એ પોતાનું આભૂષણ તૂટી ગયું હતું, તેને સમારકામ કરાવવા અંગે વાતચીત કરી.

૨. પિતાજી સાથે વાતચીત કરી પિતા-પુત્ર આભૂષણ ઘડાવવા અમદાવાદ પહોચ્યા.

૩. રાત્રી વિશ્રામ અર્થે વિદ્યાશાળામાં આવ્યા, હેમચન્દ્રનું મન ચકરાવે ચડયું હતું, દીક્ષા કેવી રીતે લેવી? જંબૂસ્વામીના રાસનું પુસ્તક જોઈ, સંપૂર્ણ રાત્રિ દરમ્યાન તેનું વાંચન કર્યું, વાંચને વૈરાગ્યમાં વૃધ્ધિ કરી, પ્રાતઃ કાલે પિતાશ્રીને ચારિત્ર અંગીકારનો સંકલ્પ દર્શાવ્યો, પિતાજીએ સહર્ષ સંમતી પાઠવી, આભૂષણ તૈયાર થવામાં ૪-૫ દિવસની વાર હતી પિતા-પુત્રએ અમદાવાદથી લીંબડી જવા પ્રયાણ કર્યું

हेमचन्द्र ज्येष्ठ बंधु की दीक्षा के बाद सतत संसारकारागृह में से निकलने केलिये प्रयास कर रहे है ।

१. एक दिन माणेकबाई का आभूषण टुट गया था, उसको सुधरवाने के लिये बातचीत की ।

२. पिताजी के साथ में बातचीत की, पिता–पुत्र आभूषण बनवाने अहमदाबाद पहूँचे ।

३. रात्री मे विश्राम के लिये विद्याशाला में आये, हेमचन्द्र का मन विचारधारा में डूब गया, दीक्षा किस तरह से ले ? पास में जंबुस्वामी के रास की पुस्तक रखी थी, संपूर्ण रात्री दौरान उसका वांचन किया, फलस्वरुप वैराग्य मे वृद्धि हुई, प्रात:काल में पिताश्री को संयम स्विकार का संकल्प दर्शाया, पिताश्री ने सहर्ष सहमति प्रदान की, आभूषण तैयार होने में ४–५ दिन की देर थी, पिता–पुत्र ने अहमदाबाद से लींमडी के लिये प्रयाण किया ।

After his elder brother's Diksha, Hemchandra was ever more determined to move away from the worldly affairs of his life.

1 Some days had passed, when Manekbai approached Hemchandra about mending a broken piece of jewellery.

2 Hemchandra with his father travelled to Ahmedabad to get the jewellery repaired.

3 As night descended upon the lively land, they came to Vidhyashala to take shelter. Hemchandra's feelings were conflicted and he thought about alternatives of renouncing. Right beside him was a book about Jambuswami;s Raas (life and character). This inspired him more and his determination grew stronger than ever before. In the morning he tried to explain his father his perspective on Diksha. After which his father consented and gladly granted blessings for his chosen pursuit. The jewellery would take a couple of days to be mended, so father and son set out from Ahmedabad towards Limbdi.

# संयम का संकल्प सफल हुआ
# THE DEVOUT DETERMINATION
# સંયમનો સંકલ્પ સફળ બન્યો



લીંબડી મુકામે પૂ. ગુરૂદેવશ્રી ઝવેરસાગરજી મહારાજાના સાનિધ્યમાં પહોચ્યા, સર્વવાત વિદિત કરી, ગુરુરાજે પ્રશ્નો પૂછયા, દૈવિક સંકેત આધારીત ચારિત્ર આપવા સંમતી આપી, શ્રી સંઘને વાત કરી.

૧. બે દિવસના મહોત્સવ પૂર્વક પુરબાઈ જૈન ધર્મશાળા મધ્યે ચતુર્વિધ સંઘ સમક્ષ દીક્ષા પ્રદાન થઈ, પુત્રમુનિને વિશુદ્ધ સંયમ પાળવા અંગે વિનંતી કરી કપડવંજ ગયા, કપડવંજમાં કાગારોળ મચી.

૨. માતા જમનાબેન ચારિત્ર નહી છોડાવાની શરતે પુત્ર મુનિના દર્શનાર્થે ગયા, ગુપ્ત સ્થાને મળ્યા પછી મોહ વિલીન થયો, અંતરના આશીર્વાદ આપ્યા.

૩. સસરા રણછોડભાઈએ કોર્ટનો આશરો લીધો, માતા પિતા મુનિ આનંદસાગરજી તમામની સાક્ષી લેવાઈ, અંતમાં કોર્ટે વેશ યથાવત્ રાખી પુખ્તવયના (૧૮ વર્ષ) ન થાય ત્યાં સુધી ઘરે જઈ સંયમ પાળવાનો હૂકમ જારી કર્યો.

लींबडी में पू. गुरुदेव श्री झवेरसागरजी महाराजा के सानिध्य में पहूँचे सारी बात से अवगत कराया, गुरुवर ने प्रश्नोत्तर तथा दैविक संकेत के आधार पर संयम स्वीकार की स्वीकृती प्रदान की, श्री संघ से बात की

१. दो दिन के महोत्सवपूर्वक पुरबाई जैन धर्मशाला में चतुर्विध संघ के समक्ष दीक्षा प्रदान की, हेमचन्द्र से 'मुनि आनंद सागर' बने, मगनभाई ने दीक्षा के बाद गुरुदेव की आज्ञा लेकर,पुत्र मुनि को विशुद्ध संयम पालन के विषय में चर्चा कर कपडवंज के लिये प्रस्थान किया, कपडवंज में धमाल मच गई ।

२. माता जमनाबेन चारित्र नहीं छुडवाने की शर्त पर पुत्र मुनि के दर्शनार्थ गये, गुप्त स्थान पर मिलने के पश्चात मोह विलिन हो गया, अंतर के आशीष की अमीवृष्टि की ।

३. ससुरजी रणछोडभाई ने कोर्ट का आश्रय लिया, माता-पिता, मुनि आनंदसागर सभी की गवाही ली गई, अंत में कोर्ट ने वेश यथावत् रखकर जब तक वयस्क (१८ वर्षके) न हो जाये तब तक घर जाकर संयम पालने का आदेश जारी किया ।

At Limbdi, they visited Pujyashri Zaversagarji M.S. and after a session of deep interrogation with Hemchandra, at last Pujyashri sanctioned his permission for Diksha.

1 Likewise, Hemchandra's Diksha rites were performed accompanied with a two-day celebration and events at Purbai Jain Dharamshala in Limbdi. His priesthood name was chosen –Muni Shri Anandsagar.

Back home in Kapadvanj Maganbhai broke the news of Hemchandra's Diksha to his family.

2 A few days later, his mother Jamnabai, goes to see her son (now a Muni) and changes her perspective on Sanyaas. and give her blessings from heart.

3 Ranchhodbhai (Hemchandra's father-in-law prior to his Diksha) decided to deal with the situation with a legal battle against Hemchandra (now, Muni Shri Anandsagar). Holding the entire family in witness, the court declared the verdict whereby Muni Shri Anandsagar was to resume his life with his family till the age of eighteen. Here he was allowed to observe Saiyam, and preserve the sanctity of his character as a monk.

# वैरागी को राग भी रागी नही बना सका

# ON THE PATH OF SALVATION, YOU DON'T LOOK BACK...

# વૈરાગીને રાગીઓ રંગી ન શકે



સસરાજી કોર્ટના હૂકમથી ઘરે લાવ્યા છતાં વેશ મૂકવાની વાત કરતાં નથી, કોર્ટના હૂકમ પ્રમાણે ઘરે અલગ ઓરડામાં રહે છે, તે સ્થાને સંસારી માતા કે પત્નીને આવવાની અનુમતી નથી.

૧. રણછોડભાઈનો રોષ શમ્યો નથી. હેમચન્દ્રનો સાધુવેશ છોડાવીને રહીશ, અઘોરીબાવાને સર્વવાત કરી, પૈસા આપી કામ ગુટીકા ખરીદી.

૨. રણછોડભાઈએ પુત્રી માણેકને કામગુટીકાનો પ્રભાવ અને વાપરવાની વિધિ સમજાવી દીધી.

૩. પાક્ષિક ઉપવાસના પારણે ત્રણ દિવસ સુધી કામગુટીકા દૂધમાં આપવા લાગી.

૪. મુનિ આનંદસાગરને ગંધ આવી ગઈ, તેમણે આરાધનાનું જોર વધારી દીધું, વાસના વિકાર પર વિજય મેળવવા ઝઝૂમવા લાગ્યા.

ससुरजी कोर्ट केआदेश से घर लाये, फिर भी मुनिश्री वेश परिवर्तन की बात नहीं करते, कोर्ट के आदेशानुसार घर में अलग कमरे में रहते है, वहाँ पर स्वयं की संसारी माताजी तथा पत्नी को भी आने की इजाजत नहीं थी ।

१. रणछोडभाई का क्रोध शांत नहीं हुआ, हेमचन्द्र को साधुवेश छुडवाकर रहुँगा, अघोरी बाबा को सारी बात बताई, पैसे देकर कामगुटीका खरीदी ।

२. रणछोडभाई ने अपनी पुत्री माणेक को सारी विधि और प्रभाव समझा दीया।

३. सांसारिक पत्नि पाक्षिक उपवास के पारणे तीन दिन तक कामगुटीका दूध में देने लगी ।

४. मुनि आनंदसागर को कुछ आशंका हुई, उन्होने आराधना में अभिवृद्धि कर दी, वासना विकार पर विजय प्राप्त करने के प्रयास करने लगे ।

The verdict of the court could not bind the untarnished chastity in the character of Muni Shri Anandsagar. Once home, he made it specific to pursue his stay where he would limit his routine to one isolated room. His mother and wife (prior to Diksha) were prohibited to enter. He abstained from worldly relations.

1 Ranchhodbhai father in law was yet to give up. He procured an aphrodisiac capsule from a local warlock.

2 He handed the capsule to his daughter Manekbai and gave her precise instructions as to how she must administer it.

3 Manekbai mixed it with the milk that Muni Anandsagar was to drink after a day fast. This went on for three consecutive days.

4 Soon the Muni realized that something was fishy and started practising celibacy stronger than ever and did not budge from abstinence.

बेटा!
आगमो का ख्याल रखना

O CHILD! SERVE THY LIFE
FOR AAGAM, WILL YOU?

# બેટા ! આગમોનો ખ્યાલ રાખજે



૧. ૧૦ માસના દીક્ષાપર્યાયી મુનિ આનંદસાગર તથા વડીદીક્ષા દાતા પંન્યાસ હેત વિજયજી મ.સા., મુનિ ઝવેરસાગરજી મ. સાહેબને નિર્યામણા કરાવી રહ્યા છે. અંત સમયે ગુરૂદેવે કહ્યું : ''બેટા! આગમોનો અભ્યાસ કરજે, જિનશાસનમાં અત્યારે આગમ અભ્યાસીનો દુકાળ પડયો છે. તું પૂર્વભવમાં પૂર્વધર આત્મા હતો.'' પ્રથમ ચાતુર્માસ લીંબડીમાં થયું.

૨. ગુરૂદેવ પરલોકની વાટે વિહરી ગયા, લીંબડીશ્રીસંઘે અદ્ભૂત પાલખીયાત્રા કાઢી, સંયમ સ્મરણાર્થે મહોત્સવ કર્યો. હવે શ્રી સંઘને જણાવી વિહાર કર્યો.

૩. ગુરુની વાતને વિસ્મૃત કર્યા વિના તેનો વિનિશ્ચય કરી, વિચારધારામાં આગળ વધવા લાગ્યા.

१. १० माह के दीक्षा पर्यायी मुनि आनंदसागर तथा बडीदीक्षा दाता पंन्यास हेतविजयजी म.सा. मुनि झवेरसागरजी म. साहेब को निर्यामणा करवा रहे है, अंत समय में गुरुदेव ने कहा ''बेटा! आगमो का ख्याल रखना, जिनशासन में ईस समय आगम अभ्यासी का अकाल हूआ है, तु पूर्व में पूर्वधर की आत्मा था ।'' प्रथम चातुर्मास लींबडी में किया था।

२. गुरुदेव ने परलोक के पथ पर प्रयाण किया, लींबडी श्रीसंघ ने अद्भूत पालखी यात्रा निकाली, संयम अनुमोदनार्थ महोत्सव किया, फिर श्रीसंघ को विदित कर विहार किया ।

३. गुरु की बात को विस्मृत किये बिना विनिश्चय कर के गुरु वचनकी विचारधारा में आगे बढने लगे ।

1 When ten long months had been passed in pure piety, Muni Shri Anandsagar was to be initiated as a priest again. The honours were proceeded by Pujya Panyaas Shri Hetvijayji M.S. by the grant of Muni Shri Zaversagar M.S. Towards the end of the ceremony, Gurudev fervently besought him to serve his cause in preserving the preserver of Jain Dharma,The Aagam. The first chaturmas four months stay was done at Limbdi.

2 Alas, Gurudev breathed his last! Limbdi Shri Sangha (Jain community in Limbdi) organized a grandiose march in the remembrance of paramount virtues reflected in Gurudev's life. Following this Muni Shri Anandsagar proceeded his Vihar on the new path of life.

3 Gurudev had passed, but his message was still alive like a fire in his heart and he furthermore engaged his vision in that direction.

# आगम सेवा से आगमोद्धारक कहलाये

# AAGAMODHARAK - THE ARDENT APOSTLE OF AAGAM

# આગમ સેવા થકી આગમોદ્ધારક કહેવાયા



ગુરુદેવના વચનને સાર્થક કરવા અનેક પ્રયત્નો કર્યા, સર્વ પ્રથમ વ્યાકરણાદિનો અભ્યાસ કર્યો, આગમ અભ્યાસની કળામાં પારંગત બન્યા, છેલ્લા શ્વાસ સુધી આગમ સંશોધન - સંપાદન - શ્રુત સંવર્ધનનું કાર્ય કરતાં રહ્યાં, જીર્ણ-શીર્ણ પ્રતિઓને ઠેક-ઠેકાણે મેળવીને ગ્રન્થોનું પરિમાર્જન કર્યું, જ્ઞાનભંડારોના સંચાલકોની મુત્સદ્દીગીરી સામે ઝઝૂમી મુદ્રણયુગને પ્રચલિત કર્યો, આજે પૂજ્યશ્રીએ રોપેલા આંબાની મીઠી કેરીઓનું સર્વગચ્છ-સંપ્રદાય-સમુદાય આચમન કરે છે. જ્ઞાનના ઉપકરણોની જયણા અને જ્ઞાનાચારના અતિચાર ટાળવા પૂર્વક આગમો મુદ્રિત કરાવ્યા, ક્યારેય જ્ઞાનાભ્યાસાર્થે સાવદ્ય (ફાનસ-મીણબત્તી-દીવો) સાધનનો આંશિક ઉપયોગ કર્યો નથી.

गुरुदेव के वचनो को सार्थक करने के लिये अनेक प्रयत्न किये, सर्वप्रथम व्याकरण आदि का अभ्यास किया, आगम अभ्यास की कला में पारंगत बने, अंतिम श्वास तक आगम संशोधन–श्रुत संवर्धन के कार्य करते रहे, जीर्ण–शीर्ण प्रतिओ को आपस में मिलाकर ग्रन्थो का परिमार्जन किया, ज्ञान भंडारो के संचालको की मनमानी को महात करने मुद्रण युग को प्रचलित किया, आज पूज्यश्री के द्वारा बोये गये आम्रवृक्ष की मीठी आमका सर्वगच्छ–संप्रदाय–समुदाय रसास्वाद ले रहे है । ज्ञान के उपकरणों की जयणा और ज्ञानाचार के अतिचार से बचके आगम मुद्रित करवाये, कभी भी ज्ञानाभ्यास के लिये सावद्य (लालटेन–मोमबत्ती–दीपक) साधनो का आंशिक उपयोग भी नही किया ।

He started endeavouring towards bringing his promise to Gurudev into effect. Initially he learnt Sanskrit Grammar and attained a lasting grasp over it. Later he became an adept in Aagam studies which he pursued as a lifelong goal. His sole purpose now was to research and recreate the existing knowledge on Aagam. He painstakingly collected manuscripts and copies from different sources and compiled them. He pioneered in refining and printing the many volumes of Aagam. During these years he refrained from using lamps or candles for his study to avoid Gyanachar Atichar which would pose a serious transgression to the Jain philosophy. The existent knowledge on Aagam today owes a great deal to the invaluable efforts contributed by Muni Shri Anandsagarji M.S.

## सागरजी महाराज न होते तो श्रुतज्ञान का क्या होता???

## THE SAVIOUR OF SHRUTGYAAN

# સાગરજી મહારાજ ન હોત તો શ્રુતજ્ઞાનનું શું થાત ???



આગમો ( ટીકા-ભાષ્ય-ચૂર્ણી-નિર્યુક્તિ-મૂળ ) અન્ય ગ્રન્થો પ્રાકૃત-સંસ્કૃત-હિન્દી-ગુજરાતી-અંગ્રેજી આદિ અનેક ભાષાઓમાં મુદ્રણ કરાવી શ્રુતજ્ઞાનની સરિતાઓને વહેતી કરી

•સંશોધન , સંપાદન ગ્રન્થો ૧૯૮ ( ૧૦ લાખ શ્લોક પ્રમાણ )

•નવ્ય સર્જન ગ્રન્થો ૨૨૩ ( ૯૦ હજાર શ્લોક પ્રમાણ )

•૮૪ ગ્રન્થોમાં લખેલ વિદ્વદ્ભોગ્ય સંસ્કૃત પ્રસ્તાવના ( ૨૦ હજાર શ્લોક પ્રમાણ )

•સંસ્કૃત - પ્રાકૃત વાંચન ૨૦ લાખ શ્લોક પ્રમાણ

•૪૫ આગમ ગ્રન્થો પર બાવન વિષયોનું વર્ગીકરણ

•આગમિક અલ્પ પરિચિત સિદ્ધાંત કોશનું સર્જન

•૧૪૬ની સંખ્યામાં સંસ્કૃત-પ્રાકૃત-હિન્દી-ગુજરાતી- ચૈત્યવંદન-સ્તવન-સજ્ઝાય રચ્યા

•લઘુસિદ્ધપ્રભા મધ્યમસિદ્ધ પ્રભા-સિદ્ધપ્રભાવ્યાકરણ- લઘુત્તમ નામકોશની રચના

आगमो (टीका-भाष्य-चूर्णी-निर्युक्ति-मूल)-प्रकरण ग्रंथो, अन्य ग्रन्थो, प्राकृत-संस्कृत-हिन्दी-गुजराती-अंग्रेजी आदि पंचांगी अनेक भाषाओं में मुद्रण करवा के श्रुतज्ञान की सरिता बहाई ।

•संशोधन संपादन ग्रंथ-१९८ ( १० लाख श्लोक प्रमाण)

•नवीन सर्जन ग्रंथ-२२३ ( ९० हजार श्लोक प्रमाण) गद्य-पद्य

•विद्वद्भोग्य संस्कृत प्रस्तावना ८४ ग्रन्थोमें लीखी ( २० हजार श्लोक प्रमाण)

•संस्कृत - प्राकृत वांचन-२० लाख श्लोक प्रमाण से अधिक

•४५ आगम ग्रंथो पर बावन विषयों का वर्गीकरण

•आगमिक ''अल्प परिचित सिद्धांत कोश'' का सर्जन

•संस्कृत-प्राकृत - हिंदी - गुजराती चैत्यवंदन - स्तवन - सज्झाय १४६ की संख्या में रचे,

•लघु सिद्ध प्रभा - मध्यम सिद्ध प्रभा - सिद्ध प्रभा व्याकरण - लघुत्तम नामकोश की रचना.

A many chaptered volume on Aagam (i.e. Criticism, Commentary, Origin and so on) along with some other volumes were printed in a plethora of languages including Prakrit, Sanskrit, Hindi, Gujarati and English.

- 198 Research and edited volumes worth of approximately 10 lakh shlokas
- 223 Originally composed volumes worth of 90 thousand shlokas (including prose as well as poetry)
- 84 volumes with Prefaces written in scholarly Sanskrit worth of 20 thousand shlokas
- Readings in Sanskrit and Prakrit (20 lakh shlokas)
- Categorization of 52 subjects from volumes of 45 Aagam
- An Opus called Aagamik "Alpa Parichit Siddhant Kosh" (A treasury of short introduction to the principles of Aagam)
- Composition of 146 Chaityavandan, Stavan (devotional songs), Sajhaay (hymns) in Sanskrit, Prakrit, Hindi as well as Gujarati.
- Composition of Laghusiddhaprabha, Madhyamsiddhaprabha and Siddhaprabha Vyakarana, Laghuttam Naamkosh (concise dictionary).

"१५०० साल बाद वीर वाणी
के वारसदारो की आगम वाचना"

AAGAM VACHANA –
THE SCION OF VEER BREAKS
AN ERA OF SILENCE

# ૧૫૦૦ વર્ષ બાદ વીર વાણીના વારસદારોની આગમ વાચના



વિ.સં. ૧૯૭૧ થી ૧૯૭૭ દરમ્યાન અમદાવાદ-કપડવંજ-સુરત-પાલીતાણા-પાટણ-રતલામ જેવા ક્ષેત્રોમાં છ-છમાસ પર્યન્ત, પ્રતિદિન ૪ થી ૫ કલાક પ્રતાધારે, ધૂપ-દીપ-સમેત, અનુયોગપૂર્વક ૨,૩૨,૨૦૦ શ્લોક પ્રમાણ આગમવાચના થઈ. ચતુર્વિધ સંઘ સમેત સ્થાનકવાસી-તેરાપંથ-ત્રિસ્તુતિક-ખરતર-અંચલ-પાર્શ્વચન્દ્ર તથા તપાગચ્છીય હજારો શ્રમણ-શ્રમણીગણને શ્રુતનો વારસોવાચના દ્વારા આવ્યો, આગમ વાંચન પદ્ધતિ શીખવી.

वि.. सं. १९७१ से १९७७ दौरान अहमदाबाद – कपड़वंज – सुरत (2) – पालीताणा – पाटण – रतलाम जेसे क्षेत्रों में छः छः मास पर्यन्त, प्रतिदिन ४ से ५ घण्टे, प्रताधार पर, धूप – दीप सहित, अनुयोग पूर्वक २,३२,२०० श्लोक प्रमाण आगम वाचना हुई, चतुर्विध संघ सहित स्थानकवासी – तेरापंथी – त्रिस्तुतिक – खरतर – अंचल – पार्श्वचन्द्र तथा तपागच्छीय हजारो श्रमण – श्रमणीगण को श्रुत की वीरासत वाचना के झरीये प्रदान की, आगम वांचन पद्धति सिखाई।

Between the years 1971 and 1977 V.S., 2.32.200 Aagam Shlokas were religiously read accompanied by felicitous rituals in various places –Ahmedabad, Kapadvanj, Surat, Palitana, Patan, Ratlam and so on. These Vachana sessions went on for six months at a pace of 4 to 5 dedicated and relentless hours per day.

He irradiated the knowledge not only unto Chaturvidh sangh (that comprises of Sadhu-Sadhvi-Shravak-Shravika), but also to monks and nuns from thousand other clans and sects like Sthanakvasi, Terapanthi, Tristutik, Khartar, Achal Gachh Parshvachadra and Tapagachha.

Not only this, he also educated the rightful aspirants about the precise and correct method of Aagam Vachana and Aagam Vanchan (Aagam Study)

# नवकार नाभि कमल में

# ELIXIR OF NAVKAAR MANTRA

# નવકાર નાભિ કમલમાં



પૂજ્યશ્રીને નવકારવાળી કે જપપટ્ટ સાથે જાપ કરતાં જોયા નથી, આગમોક્ત મન્ત્ર સાધના કે પંચ પ્રસ્થાન સૂરીમન્ત્રની પીઠીકા કરી નથી, માંત્રિક-તાંત્રિકોનો પડછાયો લીધો નથી, વિશુદ્ધ સંયમની ઉપાસના-સાત્ત્વિકતા અને અજપાજાપના પ્રભાવે ચમત્કારો સર્જવા નથી પડયા, પરંતુ સહજતાથી સર્જાઈ જાય છે. અજીમગંજના નગર શેઠના પુત્રને સર્પદંશથી મુકત બનાવ્યો, સુરતના અમરચંદ સાકેરચંદ મદ્રાસીના સુપુત્ર ખીમચંદના કોઢ રોગને વૈદ્ય દૂર ન કરી શકયા, તે કોઢ રોગ પુણ્ય પ્રભાવથી દૂર થયો. અનેક તન્ત્ર-મન્ત્રના નિવારણ કર્યા હતાં. જે વાત દવાથી ન બની તે વાત દૂવાથી બની, મન્ત્ર-તન્ત્ર નહી નવકારના પ્રભાવથી.

कभी भी नवकारवाली या जाप संपुट के समक्ष जाप करते किसी ने देखा नहीं, आगमोक्त मंत्र साधना या पंच प्रस्थान सूरी मंत्र की पीठीका नहीं की, मांत्रिक – तांत्रिको की सहाय कभी भी पूज्य श्री ने लीया नहीं, फिर भी विशुद्ध संयम की उपासना – सात्विकता और अजपा जाप के प्रभाव से चमत्कारों का सर्जन करना नहीं पड़ा, परंतु सहजता से सर्जन हो जाता था, अजीमगंज के सेठ के पुत्र को सर्पदंश से मुक्त किया, सुरत के अमरचंद साकेरचंद मद्रासी के सुपुत्र खीमचंद के कुष्ठ रोग को वैद्य दूर नहीं कर सके, वह कुष्ठ रोग पूज्यश्री के प्रभाव से दूर हुआ, अनेक तंत्र – मंत्र का निवारण पुण्य प्रभाव से होता था, जो बात दवा से नहीं बनी वो बात दुआँ से बनी, मन्त्र – तन्त्र नहीं नवकार प्रभावसे।

It was never that one saw Pujyashri chanting Navkaar Mantra, Aagamokt Mantra or Panch Prasthan Suri Mantra. Never did he subscribe to any form of black magic or chanting to aid him in his pursuit of celibacy and sanctity. He did not have to accomplish anything with extravagant effort because it was in his very nature to be the way he chose. Testimonies to this miraculous power come through an instance when Nagarsheth's son in Azeemganj was cured of poisonous snakebite; in Surat Amarchand Sakerchand Madrasi's son Khimchand who suffered from leprosy was also healed under Pujyashri's sway. Similarly many others who were failed by sorcery and medication, were restored to health merely by the power of Navkar mantra

# सूर्यपुर का स्वागत और सूरी पद का सूर्योदय

# A GRAND WELCOME AT SURYAPUR AND THE RISE OF SURIPAD

# સૂર્યપુરનું સ્વાગત અને સૂરીપદનો સૂર્યોદય



(૧) સુરતની જૈન જનતા-ક્ષત્રિયકુલો-અન્ય ઈતરધર્મીઓની આસ્થાનું કેન્દ્ર હતાં. પૂજ્યશ્રીનું જે સ્વાગત સુરતના સંઘોએ કર્યુ હતુ, તે અજોડ અદ્ભૂત હતુ. ૫૭ સાચા જરીઆના સાંબેલા, ૫૭ દેશીવાદ્યો-૫૭ અંગ્રેજી વાદ્ય મંડળીઓ-સાચા હીરા-મોતી-પન્ના-માણેકની ગહૂંલીઓ તથા વધામણાં થયા, પ્રથમ દિને ૪૦૦ મણ લાડવાની પ્રભાવના થઈ, આઠ દિવસ સુધી સામૈયુ ચાલ્યુ, જેમાં આઠ દિવસ સુધી સંઘ ભક્તિ થઈ, આવુ અલૌકીક સામૈયુ સાંભળ્યું નથી.

(૨) પૂ. પંન્યાસશ્રી સત્યવિજયજી મ.સા.ના ક્રિયોદ્ધાર બાદ સાગર શાખાની સંવેગી પરંપરામાં સૂરીપદ પર કોઈ આરોહણ થયા ન હતાં, વિ. સં. ૧૯૭૪ના વૈશાખ સુદ-૧૦ ના પરોઢે યોગોદ્વહન કરી દેવસૂર તપાગચ્છની પરંપરાના પ્રથમ આચાર્ય શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજા થયા. સુરતમાં સૂરીપદ પ્રદાનની પ્રથમ ઘટના હતી.

१. सुरत की जैन जनता – क्षत्रियकुल – अन्य जैनेत्तर धर्मीओं की आस्था के केन्द्र थे, पूज्यश्री का स्वागत सुरत के संघो ने किया था वो अजोड़ – अद्भूत – अलौकिक था, ५७ असली जरी की झांखीया, ५७ देशी वाद्ययंत्र, ५७ वाद्यमंडलीया – असली हीरे – मोती – पन्ना माणेककी गहूँलीयाँ तथा वधामणा करते हुए, ४०० मण लड्डु की प्रभावना हुई, आठ दिन तक सामैया चला, आठ दिन तक संघ भक्ति हुई, ऐसा अद्भूत सामैया सुनने में आता नही है। यह सर्वप्रथम हूआ होगा

२. पू. पंन्यास श्री सत्यविजयजी म.सा. के पश्चात् सागर शाखावर्ती संवेगी परंपरा में सूरीपद पूज्योने स्वीकार नही कीया, परंतु वि. सं. १९७४ में वैशाख सुदी १० को प्रातः काल में योगोद्वहन कर के देवसूर तपागच्छ की उज्जवल परंपरा के प्रथम आचार्य सागरानंद सूरीश्वरजी महाराजा हुए, निःस्पृह शिरोमणी थे, सुरत के इतिहास में अद्भूत देदिप्यमान उत्सव हुआ।

1 Surat, Suryanagri as it was known with all its gleaming rays of sects and religions –Jain, Kshtriyas and other –gave a grand welcome to honour Pujyashri's visit. An astounding arrangement was made which remains unmatched till date.

57 authentic Sambela made out of Jari work; 57 traditional instruments; 57 orchestra groups; Gahunli made out of pure gold, emarld, ruby pearls and diamonds.

